RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 17 * Date: 06.11.2024,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## એશિયામાં સૌથી વધુ ટ્રાફિકમાં બેંગલુરુ-પુણે ટોપ પર:નવી દિલ્હી ૧૨મા ક્રમે અને મુંબઈ ૧૪મા નંબરે



ટોમટોમ ટ્રાફિક ઈન્ડેક્સના જાહેર કરાયેલા રિપોર્ટમાં ૫૫ દેશોના ૩૮૭ શહેરોના ટ્રાફિક ટ્રેન્ડ ડેટા વિશે માહિતી આપવામાં આવી છે. મટોમ ટ્રાફિક ઈન્ડેક્સના જાહેર કરાયેલા રિપોર્ટમાં ૫૫ દેશોના ૩૮૭ શહેરોના ટ્રાફિક ટ્રેન્ડ ડેટા વિશે માહિતી આપવામાં આવી છે.ટોમટોમ ટ્રાફિક ઈન્ડેક્સના જાહેર કરાયેલા રિપોર્ટમાં દેશના બે શહેરો સમગ્ર એશિયામાં સૌથી વધુ ટ્રાફિક અને સૌથી વધુ વાહનોની ભીડ ધરાવતા શહેરોમાં ટોપ પર છે. આમાં બેંગલુરુ પ્રથમ સ્થાને અને પુણે બીજા નંબરે છે.બેંગલુરુમાં ફોર-વ્હીલરમાં ૧૦ કિમીનું અંતર કાપવામાં ૨૮ મિનિટ૧૦ સેકન્ડ લાગે છે. પુણેમાં આટલું જ અંતર કાપવામાં ૨૭ મિનિટ ૫૦ સેકન્ડ લાગે છે.આ સિવાય નવી દિલ્હી ૧૨મા સ્થાને અને મુંબઈ ૧૪મા સ્થાને છે. નવી દિલ્હીમાં ૧૦ કિમી અંતર કાપવામાં સરેરાશ ૨૧.૪૦ મિનિટ અને મુંબઈમાં ૨૧.૨૦ મિનિટનો સમય લાગે છે.ગ્લોબલ લિસ્ટમાં બ્રિટનની રાજધાની લંડન અને આયર્લેન્ડની રાજધાની ડબલિન એ સૌથી વધુ ટ્રાફિક અને સૌથી વધુ વાહનોની ભીડ ધરાવતા શહેરો છે.

લંડનમાં ૧૦ કિમીનું અંતર કાપવામાં સરેરાશ સમય ૩૭.૨૦ મિનિટ અને ડબલિનમાં ૨૯.૩૦ મિનિટનો સમય નોંધાયો હતો.રિપોર્ટમાં ૫૫ દેશોના ૩૮૭ શહેરોના ટ્રાફિક ટ્રેન્ડ ડેટા વિશે માહિતી આપવામાં આવી છે. તેમજ, એશિયન ડેવલપમેન્ટ બેંક મુજબ, શહેરોની વધતી વસ્તીને કારણે, શહેરી વાહનોની સંખ્યા દર ૬ વર્ષે બમણી થઈ રહી છે.

દર વર્ષે ૪.૪ કરોડ લોકો શહેરની વસ્તી સાથે જોડાઈ રહ્યા છે એશિયન ડેવલપમેન્ટ બેંક મુજબ વિકાસને જાળવી રાખવા માટે, એશિયાને ૨૦૩૦ સુધીમાં વાર્ષિક અંદાજે ૧૪૨ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની જરૂર પડશે. આમાંથી ૩૦%થી વધુ ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે ખર્ચવાની જરૂર પડશે. એશિયામાં દર વર્ષે ૪.૪ કરોડ લોકો શહેરની વસ્તીમાં જોડાય છે.દેશના ૧૧ લાખ બાળકો બાળ લગ્નના જોખમમાં છે, યુપીમાં આ બાળકોની સંખ્યા ૫ લાખથી વધુ છે. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) એ ગુરુવારે એક રિપોર્ટ જાહેર કર્યો હતો જેમાં જણાવ્યું હતું કે તેણે વર્ષ ૨૦૨૩-૨૪માં બાળ લગ્નના જોખમમાં રહેલા ૧૧ લાખ બાળકોની ઓળખ કરી છે.

કમિશન મુજબ એકલા ઉત્તર પ્રદેશમાં જ આવા ૫ લાખથી વધુ બાળકો છે જેમને બાળ લગ્નનું જોખમ છે. ઞઊઁઊઈ એ માહિતી આપી હતી કે તેમણે બાળ લગ્ન અટકાવવા માટે અધિકારીઓ, જિલ્લા સત્તાધિકારી અને અન્ય સંબંધિત એજન્સીઓ સાથે મળીને બાળ લગ્ન નિષેધ અધિનિયમ, ૨૦૦૬ હેઠળ ઘણા પગલાં લીધાં છે.દેશની ૨૫ હાઈકોર્ટમાં ૫૮ લાખ કેસ પેન્ડિંગઃ છેલ્લા ૩૦ વર્ષથી ૬૨ હજાર કેસ પેન્ડિંગ દેશના પેન્ડિંગ કેસ અંગે નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડનો રિપોર્ટ આવ્યો છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે ભારતની કુલ ૨૫ હાઈકોર્ટમાં ૫૮ લાખ ૫૯ હજાર કેસ પેન્ડિંગ છે.તેમાંથી લગભગ ૪૨ લાખ કેસો સિવિલ અને ૧૬ લાખ કેસ ક્રિમિનલના છે. આ ૫૮ લાખમાંથી ૬૨ હજાર કેસ ૩૦ વર્ષથી પેન્ડિંગ છે. તેમજ, ૩ કેસ ૭૨ વર્ષથી ચાલી રહ્યા છે.આ ૩ કેસમાંથી ૨ કેસ કલકત્તા હાઈકોર્ટમાં અને ૧ કેસ મદ્રાસ હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. રિપોર્ટ અનુસાર, દેશની તમામ કોર્ટ (સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ, ડિસ્ટ્રિક્ટ અને અન્ય કોર્ટ)માં ૫ કરોડથી વધુ કેસ પેન્ડિંગ છે.

## વર્ષના એન્ડમાં સુરતના સુવાલી ખાતે બીચ ફેસ્ટિવલ યોજાશે

હજીરાપટ્ટી ના સુંવાલી ખાતે આ વર્ષે પણ શિયાળામાં ૧૫ થી ૩૦ ડિસેમ્બરની વચ્ચે બીચ ફેસ્ટિવલનું આયોજન થનાર છે. આ માટે સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ૫૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરાઇ છે.

શહેરીજનોના ફરવા માટે ના અવનવા ડેસ્ટિનેશન વચ્ચે સુરતના છેવાડે આવેલ સુંવાલી બીચ પર ફરવા જનારાઓની સંખ્યા વધી રહી છે.તેને ધ્યાન માં રાખીને ગત વર્ષે સુંવાલી બીચ ફેસ્ટિવલનું આયોજન થયું હતું.બે દિવસના ફેસ્ટિવલમાં લોકોનો ભારે ઘસારો જોતા આ વર્ષે પણ બીચ ફેસ્ટિવલ નું આયોજન થનાર છે. આ અંગે ચોર્યાસી ધારાસભ્ય સંદીપ દેસાઈના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી અને પ્રવાસન મંત્રી ને રજૂઆત કરતા પ્રવાસન મંત્રી દ્વારા આ વર્ષે બીચ ફેસ્ટિવલ માટે રૂ.૫૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આથી આ વખતે આગોતરું આયોજન થશે. ગત વર્ષે ઉનાળુમાં આયોજન કરાયું હતું. પરંતુ આ વર્ષે ૧૫ થી ૩૦ ડિસેમ્બરની વચ્ચે બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવનાર છે.આ આયોજનથી સ્થાનિક લોકોને રોજગારી મળશે.અને લોકો માટે ફરવાનું ડેસ્ટિનેશન મળશે.

## ગુજરાતમાં ઠંડીની ધીમી શરૂઆત

આ સાથે જ મહત્તમ તાપમાનમાં પણ એકથી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. કારતક મહિનાની શરૂઆતથી શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. દેશભરમાં શીત લહેર વધવા લાગી છે. દિલ્હીમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. પર્વતોમાં હિમવર્ષા અને ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીને લઈને એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર કેરળ અને તમિલનાડુમાં આજે અને આવતીકાલે ભારે વરસાદની સંભાવના છે. આ વરસાદની અસર પુડુચેરી, માહે, કરાઈકલ, આંદામાન નિકોબાર ટાપુઓમાં જોવા મળશે. રવિવારે દિલ્હીમાં મોસમનો પહેલો ધુમ્મસ જોવા મળ્યું હતું, જે આગામી ૩ દિવસ સુધી લોકો માટે મુશ્કેલી બની જશે.

હવામાન વિભાગના અપડેટ મુજબ, આજે, આવતીકાલે અને પરમ દિવસે, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહેમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. ગાજવીજ સાથે વીજળી પડવાની સંભાવના છે. હવામાન વિભાગે તમિલનાડુના કન્યાકુમારી, તિરુનેલવેલી, થૂથુકુડી, તેનકાસી, વિરુધુનગર, થેની, મદુરાઈ, શિવગંગાઈ, રામનાથપુરમ અને ડિંડીગુલ જિલ્લાના રહેવાસીઓને સતર્ક રહેવાની સલાહ આપી છે. ૫ નવેમ્બરના રોજ આંદામાન અને નિકોબાર ટાપુઓ પર છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે. દેશના બાકીના રાજ્યોમાં હવામાન ચોખ્ખું રહેશે. આ સપ્તાહમાં ક્યાંય વરસાદની શક્યતા નથી. ગુજરાતી હિન્દુ કેલેન્ડર અનુસાર નવા વર્ષે એટલે કે કારક મહિનાની શરૂઆતથી ઠંડીની શરૂ થાય છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા પણ અગાઉ નવેમ્બર માસથી ઠંડીની શરૂઆત થશે તેવી માહિતી પ્રસારિત કરવામાં આવી હતી. જેને પગલે છેલ્લા બે દિવસથી ગુજરાત રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન સામાન્યથી નજીક પહોંચ્યું છે.

તથા છેલ્લા કેટલાક દિવસોની સરખામણીએ દિવસ અને દિવસે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. અમદાવાદ સહિતના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ઘટતા શિયાળાની શરૂઆત થઈ હોય તેવો અનુભવ શહેરીજનોને થઈ રહ્યો છે. આ સાથે જ મહત્તમ તાપમાનમાં પણ એકથી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૫ નવેમ્બર બાદ ઉત્તર ભારતમાં ધુમ્મસના કારણે ઠંડી વધશે. આ અઠવાડિયે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પહાડોમાં હિમવર્ષા થવાની સંભાવના છે. આ હિમવર્ષાને કારણે પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, ઝારખંડ જેવા મેદાની રાજ્યોમાં ૧૫ થી ૨૦ નવેમ્બર વચ્ચે ધુમ્મસના કારણે તાપમાનમાં ઘટાડો થશે. લેહ-લદ્દાખમાં હિમવર્ષાને કારણે જમ્મુ-કાશ્મીર પહેલેથી જ ઠંડીની ઝપેટમાં છે. રાજધાની દિલ્હીમાં સ્મોગના કારણે સ્થિતિ દયનીય છે. સવાર-સાંજ ઠંડી વધી છે, પરંતુ દિવાળી પર ફટાકડા ફોડવાથી વાયુ પ્રદૂષણમાં નોંધપાત્ર વધારો થયો છે.

રવિવારે દિલ્હીનું મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી નોંધાયું હતું. આ અઠવાડિયે હવામાન સ્વચ્છ રહેશે, પરંતુ ધુમ્મસ દેખાવાનું શરૂ થશે. હવામાન વિભાગે દિલ્હીમાં ૭ નવેમ્બર સુધી ધુમ્મસ અને ધુમ્મસનું એલર્ટ જાહેર કર્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ઓક્ટોબર મહિનો ૧૨૩ વર્ષ બાદ સૌથી ગરમ મહિનો હતો. ઈસ્ઢના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ પોતે આ વાતની પુષ્ટિ કરી છે.તેમણે મીડિયાને જણાવ્યું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય ન હોવાને કારણે અને બંગાળની ખાડીમાં નીચા દબાણનો વિસ્તાર સક્રિય હોવાને કારણે ઓક્ટોબર મહિનામાં સરેરાશ તાપમાન ૨૬.૯૨ ડિગ્રી નોંધાયું હતું. આ તાપમાન વર્ષ ૧૯૦૧ પછી નોંધાયું હતું અને વર્ષ ૧૯૦૧ પછી વર્ષ ૨૦૨૪નો ઓક્ટોબર સૌથી ગરમ મહિનો હતો.

### ૧૦થી ૨૫ વર્ષ કરતા વધુ સમય જૂના કેસો

## ગુજરાત હાઇકોર્ટમાં ૧.૭૦ લાખ, જિલ્લા અને તાલુકા અદાલતોમાં ૧૫ લાખથી વધુ કેસ પેન્ડિંગ

૦૪ નવેમ્બર, ૨૦૨૪ની દ્રષ્ટીએ ગુજરાત હાઈકોર્ટમાં કુલ ૧.૭૦ લાખ જેટલા કેસો પેન્ડિંગ છે. જે પૈકી ૧.૧૫ લાખ જેટલા કેસો દીવાની પ્રકારના છે. જ્યારે ૫૪ હજાર કરતાં વધુ કેસો ફોજદારી પ્રકારના છે. ગુજરાત હાઈકોર્ટમાં કુલ ૨૧ હજાર જેટલા કેસો ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી જૂના છે. જ્યારે ૨૦૦થી વધુ કેસો ૨૫ વર્ષ કરતાં પણ જૂના છે. સમગ્ર ગુજરાતમાં આવેલ તમામ જિલ્લા અને તાલુકા કોર્ટોમાં પેન્ડિંગ કેસોની કુલ સંખ્યા ૧૫.૬૨ લાખ જેટલી છે. આ ૧૫.૬૨ લાખ કેસો પૈકી ૭૭,૦૦૦ જેટલા કેસો ૧૦ વર્ષ કરતા જૂના છે. જ્યારે ૪,૬૪૧ જેટલા કેસો ૨૫ વર્ષ કરતાં વધુ જુના છે. ગુજરાતમાં આવેલી તમામ લેબરકોર્ટમાં કુલ ૪૧,૩૬૪ જેટલા કેસો પેન્ડિંગ છે. જે પૈકી ૩,૦૬૮ કેસો ૧૦ વર્ષ કરતા વધુ જુના અને ૩૮૮ જેટલા કેસો ૨૦ વર્ષ કરતાં વધુ જુના છે. ગુજરાતમાં આવેલી તમામ જિલ્લાની ફેમિલી કોર્ટ મળીને આશરે ૫૪ હજાર જેટલા કેસ પેન્ડિંગ છે.અમદાવાદ જિલ્લા કોર્ટ અને તેની અંતર્ગત આવતી તાલુકા કોર્ટોની વાત કરીએ તો કુલ ૮૦,૪૮૫ જેટલા કેસો પેન્ડિંગ છે. જે પૈકી ૮,૨૪૧ કેસો ૧૦ વર્ષ કરતાં વધુ જુના અને ૧૨૨૫ કેસો ૨૦ વર્ષ કરતાં વધુ જુના છે. અમદાવાદ શહેરમાં આવેલી સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટની વાત કરીએ તો કુલ ૨૬,૭૮૪ જેટલા કેસો પેન્ડિંગ છે. જે પૈકી ૨,૯૫૮ કેસો ૧૦ વર્ષ કરતાં વધુ જુના અને ૪૨૩ જેટલા કેસો ૨૦ વર્ષ કરતાં વધુ જુના છે. અમદાવાદના જિલ્લામાં આવેલી તમામ ફેમિલી કોર્ટમાં ૧૧,૧૩૩ જેટલા કેસો પેન્ડિંગ છે. જે પૈકી ૧૦ વર્ષ કરતા વધુ જુના કેસો ૨૩ છે. અમદાવાદ મેટ્રો કોર્ટમાં સૌથી વધુ ૪,૨૧,૦૯૧ જેટલા કેસો પેન્ડિંગ છે. જે પૈકી ૧૬,૩૧૭ કેસો ૧૦ વર્ષ કરતાં વધુ જુના, જ્યારે આશરે ૪,૮૦૦ જેટલા કેસો ૨૦ વર્ષ કરતાં




વધુ જુના છે.

આ ઉપરાંત રાજકોટ, સુરત અને વડોદરા જિલ્લા અને તેમાં તાલુકા કોર્ટની વાત કરીએ તો રાજકોટ જિલ્લામાં આવેલી કોર્ટોમાં કુલ ૯૬,૪૧૨ જેટલા કેસો પેન્ડિંગ છે. જે પૈકી ૩૬૦૦ કેસો ૧૦ વર્ષ કરતાં વધુ સમય જુના અને આશરે ૭૬૦ કરતાં વધુ કેસો ૨૦ વર્ષ કરતાં વધુ જુના છે. જ્યારે ફેમિલી કોર્ટમા ૩૯૨૫ કેસો પૈકી ૦૨ કેસ ૧૦ વર્ષ કરતા જુના છે. સુરતમાં જિલ્લામાં આવેલી કોર્ટોમાં ૧.૩૨ લાખ જેટલા કેસો પેન્ડિંગ છે. જે પૈકી ૬,૩૩૨ કેસો ૧૦ વર્ષ કરતાં વધુ જુના અને આશરે ૧૨૦૦ કરતા વધુ કેસો ૨૦ વર્ષ કરતાં વધુ જુના છે. સુરતની ફેમિલી કોર્ટમાં ૫૮૦૧ કેસ પેન્ડિંગ છે. જે પૈકી ૦૧ કેસ ૧૦ વર્ષ જૂનો છે. જ્યારે વડોદરા જિલ્લામાં આવેલી કોર્ટોમાં ૮૭,૯૬૨ જેટલા કેસો પેન્ડિંગ છે તે પૈકી ૪,૬૬૮ જેટલા કેસો ૧૦ વર્ષ કરતાં વધુ જુના અને આશરે ૧૧૮૦ જેટલા કેસો ૨૦ વર્ષ કરતાં વધુ જુના છે. વડોદરા ફેમિલી કોર્ટમા ૬૯૨૪ કેસો પૈકી ૦૭ કેસ ૧૦ વર્ષ કરતા વધુ જુના છે.

## વડોદરાના કલાલી ગામમાં ગાળો બોલતા અસ્થિર મગજના યુવક પર આધેડ હુમલો હત્યા કરી

વડોદરા,

કલાલી ગામમાં રહેતા ૪૫ વર્ષના અસ્થિર મગજના આધેડને કૌટુંબિક સગાઓએ માર મારતા મોત થયું છે. અટલાદરા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી પાંચ આરોપીઓને ઝડપી પાડયા છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કલાલી ગામમાં રહેતા એક શખ્સે પોલીસ કંટ્રોલ રૂમમાં કોલ કરીને જાણ કરી હતી કે, મારા ભાઈને કેટલાક લોકોએ માર મારતા તેનું મોત થયું છે. જેથી, અટલાદરા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.કે.ગુર્જર અને સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા.

મરનારનો મૃતદેહ પી.એમ. માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. પોલીસ તપાસમાં એવી વિગતો પ્રકાશમાં આવી હતી કે, મરનાર અસ્થિર મગજનો હતો. તે ગાળો બોલતો હોઇ આરોપીઓ ઘનશ્યામ કચરાભાઇ રાઠોડિયા, ભગવાનદાસ કચરાભાઇ રાઠોડિયા, હરિશ ઘનશ્યામભાઇ રાઠોડિયા, કરણ ભગવાનભાઇ રાઠોડિયા, નરેશ ઘનશ્યામભાઇ રાઠોડિયાએ ભેગા મળીને તેના પર હુમલો કરતા તેનું મોત થયું હતું. જેથી, પોલીસે મર્ડરનો ગુનો દાખલ કરી પાંચ આરોપીઓને ઝડપી પાડયા છે. એવી પણ વિગતો બહાર આવી છે કે, મરનાર અને આરોપીઓ દૂરના સગા છે. વડીલોપાર્જીત મિલકત અંગે તેઓને છેલ્લા પાંચ વર્ષથી વિવાદ પણ ચાલતો હતો.

## તંત્રી સ્થાનેથી..

## વડોદરામાં છેલ્લા ત્રણ દિવસમાં એસટી ડિવિઝનની આવકમાં ૨૨ લાખનો વધારો થયો

દિવાળીના કારણે વતન જવા અને બહારગામ જવા માટે થઈ રહેલો ધસારો વડોદરા એસટી ડિવિઝનને ફળી રહ્યો છે.દિવાળીના તહેવારો શરુ થતા જ એસટી ડેપો પર મુસાફરોનો ધસારો જોવા મળી રહ્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ પંચમહાલ, છોટાઉદેપુર, રાજકોટના રુટ પર લોકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.એસટી વિભાગ દ્વારા વધારાની બસો મૂકવામાં આવી હોવા છતા કેટલીક બસોમાં લોકોએ ઉભા ઉભા મુસાફરી કરવાનો પણ વારો આવી રહ્યો છે.

છેલ્લા ૩ દિવસમાં વડોદરા એસટી ડિવિઝનને ૨૨ લાખ રુપિયાની વધારાની આવક થઈ છે અને આ જ સ્થિતિ બીજા ત્રણેક દિવસ રહે તેવી શક્યતા છે. દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને એસટી વિભાગે વડોદરા ડિવિઝનમાં તા.૭ નવેમ્બર સુધી વધારાની બસો દોડાવવાનું નક્કી કર્યું છે.એસટી વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે, રોજ સરેરાશ ૪૦ લાખ રુપિયાની આવક થતી હોય છે પણ તા.૨૯,૩૦ અને ૩૧ ઓકટોબર દરમિયાન રોજની ૪૭ લાખ રુપિયાની આવક એસટીને થઈ છે. છેલ્લા ત્રણ દિવસથી રોજ ૧૫૦૦૦ વધારે મુસાફરો એસટીમાં મુસાફરી કરી રહ્યા છે.

આ ત્રણ દિવસ દરમિયાન એસટીની વધારાની ૪૩૮ ટ્રીપો ગોઠવાઈ છે.એસટી બસોએ રોજ કરતા સરેરાશ ૩૮૦૦૦ કિલોમીટરની મુસાફરી વધારે કરી છે.આજનો દિવસ પડતર હોવાથી છેલ્લા ત્રણ દિવસ જેટલો ધસારો નથી પરંતુ આવતીકાલે, શનિવારે બેસતા વર્ષે અને રવિવારે ભાઈ બીજના દિવસે ફરી મુસાફરોની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે.

# Religious Freedom Violation and Intolerance Spark International Controversy



On October 29th, an administrative decision by a South Korean government agency sparked international controversy, raising concerns about religious freedom and causing substantial financial loss.

The "Religious Leaders Forum and Graduation Ceremony," a joint initiative by two prominent religious organizations, was set to take place in Paju, South Korea. The event was expected to draw over 30,000 participants from 57 countries, including 1,000 religious leaders representing Christianity, Buddhism, Islam, and Hinduism.

However, the Gyeonggi Tourism Organization, a public entity under Gyeonggi Province, abruptly canceled the venue rental without prior notice. This last-minute decision has resulted in significant financial damage to the international event. Organizers of this event stated that the cancellation constitutes an unconstitutional act of discrimination against a specific religion, violating religious freedom, human rights, and due process of law.

The hosting organizations, the Association for Buddhist National Unification of Korea and Shincheonji Church of Jesus, said that they had received official confirmation on October 23rd and 28th that there was no plan of cancellation. They also said that the unilateral cancellation was an unreasonable administrative action targeting a specific religious group. They further emphasize that other events scheduled for the same day were not affected, suggesting that the cancellation was "administrative decision caused by opposition from a specific religious group," which "violates the principle of separation of church and state guaranteed by the Constitution."

The Gyeonggi Tourism Organization cited security concerns related to recent North Korean actions and the planned activities of a North Korean defector group as reasons for the cancellation. However, it was pointed out that other events, such as civilian bike rides and foreign tourist visits to the DMZ, were permitted within the same designated area.

The incident has reignited international debate about religious freedom and tolerance in South Korea. The U.S. State Department's International Religious Freedom Report has previously highlighted concerns such as the prosecution of Shincheonji Church of Jesus and the government's refusal to approve mosque construction.

The Association for Buddhist National Unification of Korea and Shincheonji Church of Jesus call upon the South Korean government to respect religious freedom, uphold human rights, and rectify this unjust decision. They urge international organizations to monitor this situation and take appropriate action to protect religious freedom.

## ભાવનગરમાં શ્રી સર્વેશ્વર ગૌધામ કોબડીના ગૌ ગોષ્ઠી સમારોહમાં સહભાગી થતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ભાવનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલઃ- દરેક જીવ માટે સંવેદના રાખી કાર્ય કરીશું તો પરમાત્માના આશીર્વાદ પણ મળતા રહેશે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશુઓના આરોગ્યની ચિંતા કરી પશુ આરોગ્ય મેળાની શરૂઆત કરાવી આજે જમીન અને માનવ સ્વાસ્થ્ય બગડતું જાય છે ત્યારે પ્રાકૃતિક ખેતી અપનાવીને આપણા સ્વાસ્થ્યની પણ ચિંતા કરવાની જરૂર છે વર્ષ-૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે વિકસિત ગુજરાતનું નિર્માણ કરીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ નૂતન વર્ષના મંગલ પ્રારંભે ભાવનગર જિલ્લાના શ્રી સર્વેશ્વર ગૌધામ કોબડી ખાતે ગૌ ગોષ્ઠી સમારોહમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશુઓના આરોગ્યની ચિંતા કરી પશુ આરોગ્ય મેળાની શરૂઆત કરાવી હતી. આ સરકાર દરેક જીવ માત્રને રક્ષણ આપવા સંકલ્પબદ્ધ છે ત્યારે પશુ દવાખાનામાં પશુઓ માટેની દરેક સારવાર, નિદાન અને રસી સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતી કરવાનું આહવાન કરતા જણાવ્યું કે, આજે જમીન અને માનવી બેયનું સ્વાસ્થ્ય બગડતું જાય છે ત્યારે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવાની હિમાયત કરી રહ્યા છે ત્યારે આપણે પ્રાકૃતિક ખેતી અપનાવીને આપણા સ્વાસ્થ્યની પણ ચિંતા કરવાની જરૂર છે. મુખ્યમંત્રીશ્રીએ સ્વચ્છતા પર ભાર મુકતાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરાવી છે ત્યારે સ્વચ્છતાને સ્વભાવ અને સંસ્કાર બનાવી આપણા ઘર, આંગણા અને વિસ્તારને સ્વચ્છ, સુંદર રાખીએ. તેમણે કહ્યું કે, વર્ષ-૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે વિકસિત ગુજરાતનું નિર્માણ કરીએ. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રીમતી નીમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન અને વૈશ્વિક લોકપ્રિય નેતા શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં તેમજ ગુજરાતમાં શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ડબલ એન્જિનની સરકાર વિકાસના કામો કરી રહી છે. કોબડી ગૌશાળામાં બિમાર અને ઘરડી ગાયોનું અહીં નિદાન કરવામાં આવે છે ત્યારે સમગ્ર આયોજન અને ટીમને બિરદાવ્યા હતા. આ તકે મુખ્યમંત્રીશ્રીએ કામધેનુ ગૌમાતાની પૂજા અર્ચના કરીને વયોવૃદ્ધ બળદો, અપંગ ગૌમાતા, અંધ ગૌ માતા, બિમાર ગૌ માતા, મા વિનાના વાછરડા તથા ઓપરેશન થિયેટર અને એમ્બ્યુલન્સના સ્ટોલની મુલાકાત લીધી હતી. ગૌ ગોષ્ઠી સમારોહનું પ. પૂ. મહંતશ્રી જયદેવશરણજી મહારાજ તેમજ ઉદ્યોગપતિઓ સમાજના શ્રેષ્ઠિઓ ગૌ સેવકો સહિત રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભાવેણાની પાવનધરા પર સૌ પ્રથમ વખત ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું .

## ન્યાયતંત્રમાં સ્વતંત્રતાનો અર્થ એ નથી કે હંમેશા સરકાર વિરોધી જ ચુકાદા હોયઃ સીજેઆઇ ચંદ્રચૂડ

દેશના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ ૧૦ નવેમ્બરેના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે એવામાં સોમવારે એક મીડિયા કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, 'સ્વતંત્ર ન્યાયતંત્રનો અર્થ એ નથી કે નિર્ણય હંમેશા સરકારની વિરુદ્ધ આપવામાં આવે. ન્યાયિક સ્વતંત્રતાનો અર્થ છે કે માત્ર એક્ઝિક્યુટિવ (સરકાર)થી જ નહીં પરંતુ વિવિધ પ્રકારના દબાણ અને હિત જૂથોના પ્રભાવથી પણ મુક્ત રહીને નિર્ણય આપવો.'

ન્યાયતંત્રની નિષ્પક્ષતા અને પારદર્શિતાને સમજાવતા મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે, 'પરંપરાગત રીતે, ન્યાયિક સ્વતંત્રતાને કારોબારીમાંથી સ્વતંત્રતા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી હતી. ન્યાયતંત્રની સ્વતંત્રતાનો અર્થ હજુ પણ સરકારી દખલગીરીથી મુક્તિ છે. પરંતુ ન્યાયિક સ્વતંત્રતાના સંદર્ભમાં આ એકમાત્ર વસ્તુ નથી.

આ બાબતે તેમણે વધુમાં કહ્યું હતું કે, 'હવે પરિસ્થિતિ બદલાઈ છે. સોશિયલ મીડિયાના આગમન બાદ ખાસ તો સમાજ બદલાયો છે. તમે એવા પ્રેશર ગ્રુપ જોયા હશે જે અદાલતો પર અનુકૂળ નિર્ણયો લેવા દબાણ લાવવાનો પ્રયાસ કરે છે અને આ માટે ઈલેક્ટ્રોનિક મીડિયાનો ઉપયોગ કરે છે. આ પ્રેશર ગ્રુપ એવું વાતાવરણ ઊભું કરે છે કે જો નિર્ણય તેમની તરફેણમાં આવે, તો જ ન્યાયતંત્ર સ્વતંત્ર રીતે કામ કરી રહ્યું છે તેવું માનવામાં આવે છે. જો નિર્ણય તેમને ખુશ ન કરે તો ન્યાયતંત્રને



સ્વતંત્ર ગણવામાં આવશે નહીં.'

ડીવાય ચંદ્રચૂડે આ બાબતે આપત્તિ જણાવતા કહ્યું હતું કે, 'સ્વતંત્ર રહેવા માટે, ન્યાયાધીશને તેના અંતરાત્માનું સાંભળવું કે નહીં તે નક્કી કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. અને ન્યાયાધીશનો અંતરાત્મા કાયદો અને બંધારણ દ્વારા માર્ગદર્શન આપે છે, તેમાં કોઈ શંકા નથી. જ્યારે સરકાર સામે ચુકાદો આવે છે અને ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ રદ થાય છે, ત્યારે ન્યાયતંત્ર ખૂબ સ્વતંત્ર છે, પરંતુ જો ચુકાદો સરકારની તરફેણમાં જાય છે, તો ન્યાયતંત્ર હવે સ્વતંત્ર નથી રહ્યું... આ મારી સ્વતંત્રતાની વ્યાખ્યા નથી.'

## ચૂંટણી પતે પછી પ્રચાર સામગ્રીનો સિતારો બુલંદ થશે!!

સ્થળઃ ખખડધજ ગોડાઉન

પાત્રોઃફાટેલા, તૂટેલા, વળી ગયેલા, દંડા નીકળી ગયેલા,છેડે ફાટી ગયેલા,,બાકોરા પડી ગયેલા હૉર્ડિંગ, પડદા, બેનર, ફલેકસ,તોરણ,ઝંડા,વગેરે વગેરે પ્રચાર સામગ્રી

( હવે વરસો પછી ઉના , ગરમ અને ફળફળતા નિસાસાની અપેક્ષા રાખી શરમાવશો નહીં!

નોંધઃ અમારી સાથે બીપી, ડાયાબિટીસના દર્દીઓએ યાત્રા નહી. કોરોનાના કારણે નહીં પણ ધૂળ, ભેજ, બાબુને લીધે સ્વાસ્થ્યને હાનિ ન પહોંચે તે માટે માસ્ક પહેરવું!!

વિશેષ સૂચનાઃ આ એક સંપૂર્ણ સાયલન્સ ઝોન હોઈ પંદર ડેસિબલથી વધુ શોરબકોર કરવો નહીં!!

પ્રકાશઃ નળિયાંના છીદ્રોમાંથી ચળાઈને આવતો સૂર્ય પ્રકાશ સ્પોટ લાઇટની જેમ ચોક્કસ ચીજ ફોકસ કરે છે

સંગીતઃ રામ સે હોરરની થર્ડ કલાસ સસ્પેન્સના કંડમ મ્યુઝિક

ટીપ્પણઃ વર્તમાનપત્ર દ્રશ્ય માધ્યમ છે. ટુ ડી છે. અમારો હાસ્યલેખ( લેખકડા તું શેનો પ્રકાર નક્કી કરે છે. કશુંક કદરદાન વાંચકો પર છોડ!!) થ્રીડી છે. જગતનો એકમાત્રપહેલો અને છેલ્લો લેખ છે!!

આટલી લાઘવયુકત ( કોણ હસ્યુ?લાઘવ આટલું પ્રલંબ છે તો વિગતપ્રચુર કેટલું પ્રપ્રલંબ હશે???)પ્રસ્તાવના સહ પ્રસ્તુત છે પ્રચારકોની વેદના!! પ્રચાર સામગ્રી અને પ્રચારકોના હાલ સેઈમ ટુ સેઈમ છે. બંને આહત છે!!સાલ્લું ભૂલભૂલમાં પણ જામી ગયું. સમજોને કે બગાસું ખાતાં પતાસું. )

કોઇ અંધારિયા ભંડકિયામાં બધાને નકામા સામાનની જેમ ખડકયા હતા. ભંડકિયું વિષુવવૃતીય ટ્રોપિકલ જંગલ જેવું અંધારિયું હતું. પ્રકાશનું એક કિરણ તો શું પ્રકાશબિંદુ પણ પ્રવેશી શકતું ન હતું.ભંડકિયાની ભેજવાળી દુર્ગંધ અસહ્ય હતી. અહીં કોઇ રડયુંખડયું આવે તો આવે. ચા-પાણી નાસ્તાનો ભાવ કોણ પૂછે??બધા એવરેસ્ટ-આલ્પસ પર્વત સાઇઝના ઉંડા નિસાસા નાંખતા હતા. કયાંસે કયાં હો ગયા બેવફા તેરે પ્યારમેં!!મુની બદનામ હુઇ પોલિટિશ્યન તેરે પ્યારમેં જેવો વિશ્વાસઘાતનો આઘાતનો પ્રતિઆઘાત વેઠી રહ્યા હતા!! "એ જીંદગી કે મેલે દુનિયામેં કમ ન હોંગે, અબ તો કમ ન હોંગે "નું ગીત ગણગણતા હતા!!બધા ઊંચનીચ, પક્ષાપક્ષી પ્રાદેશિક-રાષ્ટ્રીય ગરીબ-તવંગર , રંક-રાયના ભેદભાવ વિના વિવિધતામાં એકતાનું પ્રદર્શન કરી રહેલા!!!

ઉંચે ગગનને સ્પર્શતા હતા. એ બધા ભૂમિગત થઇ ગયા. હવામાં ઉડતા હતા તે જમીન દોસ્ત થઇ ગયા. કલ્પના જગતમાં વિહરનારાને એક દિવસ જમીનદોસ્ત ( જમીનના દોસ્ત નહીં પણ જમીન પર પડવું પડે છે.) દરેકને ચડતી પછી પડતી માટે તત્પર રહેવું જોઇએ. નહીંતર અમારા જેવી માઠી દશા થાય!! એકસમયે આખા શહેરમાં અમારો એકહથ્થુ , એકચક્રી , સામંતશાહી એકાધિકાર હતો.સામેવાળા અમારી સામે આંખ ઉંચી કરીને જોઇ શકતા ન હતા.એની હેસિયત ન હતી. આખું શહેર રાજ્યના પનોતા પુત્ર અને પપ્પુ વચ્ચે વહેંચાઈ ગયું હતું પૂર્વ જર્મની અને પશ્ચિમ જર્મનીના જોડતી બર્લિન દિવાલ તો કાળ ક્રમે ધ્વસ્ત થઇ પણ પ.પુ. અને પપ્પુ વચ્ચેની દિવાલ તૂટવાના બદલે ઉંચી થતી જ રહી.

કોઈને ખબર ન હતી કે ચૌરેચૌટેથી તેમની હકાલપટ્ટી શા માટે કરવામાં આવી??

" આખું શહેર માથે લીધું હતું. જાણે પોતે જ મહાન લીડર અને બાકી બધા છછુંદર!! " સાવરણી લગાવેલ હૉર્ડિંગે બળાપો કાઢ્યો.

" જો , ભાઇ અમારે ત્યાં ટુકડે ટુકડે ગેંગનું કામ નથી. અમે ખાઇએ નહીં અને ખાવા દઇએ નહીં!!!" એક રાષ્ટ્રવાદી હૉર્ડિંગ એરોગેન્ટ થઇ અહંકારયુકત બોલ્યું.

" અમારું નામ લીધું છે તો એક હાથની અડબોથ મારીશ. આઝાદી સમયે બ્રિટિશરોની માફી માંગીને કામ ચલાવ્યું છે!! અમારું નામ લેવાનું નહીં!!" એક પરિવારવાદી પડદો બોલ્યો!

"અલ્યા ટોપાઓ તમે એકમેક પર કીચડ ઉછાળો, તલવારો તાણો, લડાઇ કરો તેમાં કેટલાકનો સ્વાર્થ છે.અહીંથી નીકળવા માટે વિચારો!! નહીતર અહીંયા પાળિયા થઇ જઇશું !!

આપણે રોડ પર હતા, હાઇ રાઇઝ બિલ્ડિગની ટોચે હતા, આપણા ઉપર ફોકસ લાઇટ હતી. લોકો આપણને જોવા ડોક દુખાડતા હતા. આપણે એકમેકને કાતિલ નજરોથી જોતા હતા. રાતના અંધારામાં કમળ-હાથ-ઝાડુ વચ્ચે હાથાપાઇ થતી હતી. ટોચથી ખીણ પર ગબડ્યા. અહીં કેટલું બબડ્યા. વાલા મૂઇ ચૂંટણીના લીધે આપણે ગગન પરથી ઘરા પર આવવું પડ્યું!! આપણા મેન્ટરો પણ આપણા પતનને સ્પાઇડરમેનની જેમ રોકી શકતા નહીં. ચૂંટણીનું નખ્ખોદ જાય . જેના લીધે પદભ્રષ્ટ સ્થાનભ્રષ્ટ થવું પડ્યું!!ચૂંટણી પતે પછી આપણા સિતારા પુનઃ બુલંદ થવાના છે. પછી તો ચૂંટણીપંચ કે ચૂંટણીપ્રપંચ કે સરપંચ આપણો વાળ વાંકો કરી શકશે નહીં!!

ભરત વૈષ્ણવ

## કેનડામાં હિંદુ મંદિર પર હુમલો કરનારાઓ પર કડક કાર્યવાહી ન કરવામાં આવે તો કેનેડા સરકારને જગાડવા માટે તેમનાં દૂતાવાસ સામે પ્રદર્શન કરીશું !



ગઈ કાલે જ કેનેડાના બ્રેમ્?પ્?ટન વિસ્?તારમાં હિંદુ મંદિર પર 'સીખ ફોર જસ્?ટિસ' સંગઠન અને ખાલિસ્?તાની કાર્યકર્તાઓ દ્વારા જાણીજોઈને હુમલો કરવામાં આવ્?યો હતો; છતાં આ હિંસક હુમલાખોરો પર કડક કાર્યવાહી કરવાની જગ્?યાએ કેનેડા સરકારે તેમને મૌન સહકાર આપ્?યો છે. આ વાતનો અમે તીવ્ર શબ્?દોમાં નિષેધ કરીએ છીએ. અગાઉ પણ કેનેડામાં મંદિરો પર આકરા હુમલાઓ થઈ ચૂક્યા છે. કેનેડા સરકારે આ તમામ હુમલાઓ અટકાવવા માટે યોગ્?ય પગલાં લઈને તમામ હુમલાખોરો પર કડક કાર્યવાહી કરવી જોઈએ, તેવી અમારી માંગ છે. અન્?યથા, કેનેડા સરકારને જગાડવા માટે હિન્?દુત્?વનિષ્?ઠ સંગઠનોના વતી ભારતના તેમનાં દૂતાવાસ સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે, તેવી ચેતવણી હિંદુ જનજાગૃતિ સમિતિએ આપી છે.ભારતીય ઉચ્?ચાયુક્ત કેનેડાના મંદિરોની મુલાકાત માટે જવાના હતા, તેમ છતાં તેમનાં અને મંદિરની સુરક્ષા માટે કે આ હુમલો ન થાય તે માટે કેનેડા સરકારે કોઈપણ કડક પગલાં લીધા નથી. આથી પ્રશ્?ન થાય છે કે આ હુમલાને કેનેડા સરકારની મૌન સહમતી હતી કે કેમ ? ખાલિસ્?તાની આતંકવાદી હરદીપસિંહ નિજરની હત્?યાના પગલે કેનેડામાં હિંદુઓ પર અને મંદિરો પર આક્રમણ રોકવામાં કેનેડા સરકાર સંપૂર્ણ રીતે નિષ્?ફળ રહી છે. તેથી ભારત સરકારે આ મુદ્દાને આંતરરાષ્?ટ્રીય સ્?તરે ઉઠાવીને કેનેડા સરકાર પર કાર્યવાહી કરવા માટે દબાણ લાવવું જોઈએ, તેવી અમારી ભારત સરકારને વિનંતી છે. આ સંગઠનનાં જે પણ સમર્થકો ભારતમાં છે, તેમના પર પણ ભારત સરકારે કડક કાર્યવાહી કરવી જોઈએ, તેવી અમારી માંગ છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 166**
વિક્ષય:- "વંશવેલો"
શિર્ષક :- "વંશની વૃધ્ધિ"
પ્રકાર:- પદ્ય. શબ્દો :- ૧૦૪

માનવ જીવનમાં લગ્ન પછી સો સંતાન માટે ઝંખે છે,
વંશની વૃધ્ધિ કરવા માટે સૌ પુત્ર રત્ન માટે તડપે છે.

મંદિર જઈને પ્રાર્થના કરવા,સંતોના આશીર્વાદ લેવા,
ઘરમાં પારણું ઝુલતું કરવા રાત દિવસ સૌ ભટકે છે.

સુખ અને સમૃધ્ધિ છે, ધન દૌલત અને મિલકત છે,
સૂના આંગણીયે બાળકોનો કિલ્લોલ સાંભળવો છે,

શેર માટીની ખોટ પૂરવા, ઘરમાં આનંદ મંગલ જોવા,
પથ્થર એટલા પીર કરીને, વંશની વૃધ્ધિ સૌ ઈચ્છે છે.

વંશવેલા વિના જીવન વેરણ અને સૂમસામ લાગે છે,
સુખ અને સમૃધ્ધિવાળુ ઘર વારસદાર માટે તરસે છે.

"મુરલી" કુળને રોશન કરવા, પરિવારની વૃધ્ધિ જોવા,
ગરીબ હોય કે ધનવાન પોતાના વંશની વૃધ્ધિ ઈચ્છે છે.

ધનજીભાઈ ગઢીયા"મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 161**
વિષય : વંશવેલો
શિર્ષક : સંસ્કારધામ
પ્રકાર : લઘુ વાર્તા     શબ્દો : ૨૨૧

ધીરુભાઈને ઘેર દીકરાનો જન્મ થતાં જ એમણે આખી શાળામાં પેંડા વહેંચ્યા હતાં. દીકરાને સંસ્કાર આપવામાં જરાય પાછી પાની નહોતી કરી. આમ પણ જન્મજાત શિક્ષક.

જોતજોતામાં દીકરો મોટો થઈ ગયો. અભાવમાં પણ કેવી રીતે જીવાય તે પિતાજીએ વીરેનને બરાબર સમજાવ્યું હતું. ધીરુભાઈ વિરેનને હંમેશા સાદું અને સાચું જીવન જીવવાની જ સલાહ આપતાં." બેટા, સમજણના જળને સીંચીને જ્ઞાનની કૂંપળને વાવી દેશો તો, સમજણનું અને જ્ઞાનનુ વટવૃક્ષ બનશે અને જ્ઞાન રૂપી વડવાઈઓ ફૂટશે. તું તો મારા વંશનો વેલો છે!" ધીરુભાઈ વિરેનને અને પોતાના વિદ્યાર્થીઓને ભણતરની સાથે ગણતરના પાઠ પણ શીખવતાં જેથી બાળકો મોટા થઈને શાળાનું, ગામનું અને દેશનું નામ રોશન કરી શકે. એમના ભણતર અને સંસ્કારથી દેશવિદેશમાં પણ એમનું નામ ઉજ્વળ બને એવી હાર્દિક ઈચ્છાથી જ તેમને ભણાવતા. ધીરુભાઈ વિદ્યાર્થીઓને માટે એક આદર્શ શિક્ષક બની રહ્યા. વિરેન ખૂબ શાંત ચિત્તે પિતાની આજ્ઞાને અનુસરતો. પાછળનાં વર્ષોમાં પિતાજી મૃત્યુ પામ્યા. પરંતુ એમણે આપેલા સંસ્કાર હજુ વિરેનના વાણી અને વર્તનમાં અકબંધ હતાં.

સમય જતાં વિરેન ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ ગયો, અને ત્યાં થોડી કમાણી પણ કરી. વિદેશથી પાછો દેશમાં આવી ગયો. ગામના કોઈ જ બાળકોને બહાર ભણવા ના જવું પડે એટલે ગામમાં સુંદર આધુનિક અને સંપૂર્ણ સુખસુવિધા વાળી સ્કૂલ, કૉલેજ ખોલી. આજે વિરેન પોતાના પિતાનું સ્વપ્ન સાકાર કરવા જઈ રહ્યો હતો.

શાળાના પટાંગણમાં પિતાજીની મૂર્તિ પ્રસ્થાપિત કરી. તેની અનાવરણ વિધિ કરી સૌ પ્રથમ વંદન કર્યાં. શાળાનુ નામ આપ્યું "સંસ્કારધામ". ખરા અર્થમાં વિરેન આજે એક આદર્શ વંશવેલો સાબિત થયો. અસ્તુ.
○○○ગ્રીષ્મા પંડ્યા ○○

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.:0101**
વિષય : વંશવેલો
શીર્ષક: સગપણ: સામાજિક વંશવેલોનો પાયો
પ્રકાર :ગદ્ય. શબ્દો : ૩૪૭

સગપણ, કુટુંબના સભ્યો વચ્ચેનું બંધન, સામાજિક વંશવેલાના પાયા તરીકે કામ કરે છે. પ્રાચીન સમાજોમાં, કુટુંબના જોડાણો અને કુળ સભ્યપદ વ્યક્તિગત ઓળખને આકાર આપતા સગપણના સંબંધો સામાજિક દરજ્જો નક્કી કરતાં હતાં. આ આદિમ સિદ્ધાંત સમુદાયોને વંશવેલો માળખામાં સંગઠિત કરતું હતું, જેમાં વિસ્તૃત કુટુંબ માળખું સામાજિક સ્થિતિને પ્રભાવિત કરતું હતું. પરંપરાગત સમાજોમાં સગપણનું મહત્વ સ્પષ્ટ હતું, જ્યાં કુટુંબનો વંશ અને વંશ વારસો, લગ્ન અને સામાજિક જવાબદારીઓ નક્કી કરવામાં આવતી.
ઘણી સંસ્કૃતિઓમાં, સામાજિક સંબંધોને સંબોધન કરવામાં સગપણના સંબંધો નિર્ણાયક રહેતાં. કૌટુંબિક જોડાણો સંસાધનો, પ્રભાવ અને સામાજિક મૂડીની પહોંચ સુરક્ષિતતા આપતી. દાખલા તરીકે, આદિવાસી સમાજો પોતાની જાતને સંબંધી જૂથોની આસપાસ ગોઠવે છે, જેમાં વડીલો સત્તા અને આદર ધરાવતા હતાં. તેવી જ રીતે, કુલીન પરિવારો ઐતિહાસિક રીતે સત્તા અને સંપત્તિ જાળવવા માટે સગપણના સંબંધો પર આધાર રાખતા હતા. આજે પણ, કૌટુંબિક પૃષ્ઠભૂમિ અને જોડાણો સામાજિક સ્થિતિ, શૈક્ષણિક તકો અને કારકિર્દીની પ્રગતિ પર નોંધપાત્ર અસર કરે છે.
વિવિધ સગપણના નમૂનાઓ કૌટુંબિક સંબંધોની વંશવેલો પ્રકૃતિ દર્શાવે છે:
એક વંશ-આધારિત પ્રણાલીઓ, જ્યાં સામાન્ય પૂર્વજનું વંશ દરજ્જો નક્કી કરે છે.
બે કુળ-આધારિત સિસ્ટમો, જ્યાં ચોક્કસ કુળમાં સભ્યપદ સામાજિક સ્થિતિ પ્રદાન કરે છે.
ત્રણ પિતૃસત્તાક પ્રણાલીઓ, જ્યાં પુરૂષ સત્તા ધરાવે છે અને મિલકત પિતૃના કબ્જા હેઠળ હોય છે.
સગપણ-આધારિત વંશવેલો ઘણીવાર સામાજિક ગતિશીલતાને પ્રતિબંધિત કરે છે, કારણ કે વ્યક્તિઓ પૂર્વનિર્ધારિત સામાજિક સ્થિતિમાં જન્મે છે. આ અસમાનતાને કાયમી બનાવે છે, પ્રભાવશાળી કૌટુંબિક જોડાણો વિનાના લોકો માટે તકોને મર્યાદિત કરે છે. જો કે, આધુનિક સમાજો વધુને વધુ યોગ્યતાના મહત્વને ઓળખે છે, સમાન તકો સાથે સગપણ આધારિત ફાયદાઓને સંતુલિત કરવાનો પ્રયાસ કરે છે.
સગપણ, સામાજિક વંશવેલાના પાયા તરીકે, વ્યક્તિગત અને સામૂહિક ઓળખને ઊંડી અસર કરે છે. સામાજિક માળખાને આકાર આપવામાં સગપણની ભૂમિકાને સમજવાથી અધિક્રમિક પ્રણાલીઓ દ્વારા ઊભા થતા પડકારોનો સામનો કરવામાં મદદ મળે છે. સગપણના સંબંધોના મહત્વને સ્વીકારીને, આપણે વધુ સમાવિષ્ટ અને સમાન સમાજો બનાવવાની દિશામાં કામ કરી શકીએ છીએ.
કૌટુંબિક મૂળ, પાયાના તત્વોને દર્શાવે છે જે સમાજની રચના અને સંગઠનને આકાર આપે છે. આ મૂળ ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પારિવારિક પ્રભાવોનું પ્રતિનિધિત્વ કરે છે, જેમ વૃક્ષના મૂળ સ્થિરતા, પોષણ અને દિશા પ્રદાન કરે છે, તેમ સામાજિક પદાનુક્રમના મૂળ સામાજિક સંબંધો, શક્તિ ગતિશીલતા અને આર્થિક વિતરણ માટે માળખું સ્થાપિત કરે છે.

ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 345**
વિષય : "વંશવેલો"
પ્રકાર : પદ્ય
શીર્ષક : વંશવૃધ્ધિ   શબ્દો :૧૧૫
માનવની ઝંખના જ વંશવેલો,
દૂધે જમો પૂત્રફલો નવદંપતિને આશિષ મળતી.

રાજા દશરથ પૂત્ર વિના તડપતા,
સૂણી શબ્દ'ને બાણ, શ્રવણની કાયા વિંધાણી.

અંધ માતપિતાનો સહારો, લાડલો બાલુડો,
માથે ફાટ્યું આભ એક જ હતી વંશવૃધ્ધિ.

વહ્યા ફ્ળફળતા નિઃસાસા, શાપ દીધો મરતા,
મોતથી કોણ ડરતું, તપ ધર્યું પામવા વંશવૃધ્ધિ.

વાંઝિયા મેણાં દોયલા રાજા અજમલ દુ:ખી
છોડી રાજપાટ તપ ધરવા વનની વાટ પકડી.

વેઠી ટાઢ-તડકો, પાપી પૂજારીએ સમંદર ફેંક્યા, હિંમત ના હારી હતી
એક જ તમન્ના વંશવૃદ્ધિ.

ભક્તિ કરી શ્રીકૃષ્ણની, રીજવવા લાડુ મારી,
મરક મરક પ્રભુ હસી અવતરી રામદેવપીર બની.

હૈયે હરખી લાગણી વંદતી,
આંગણું બાલુડુંથી કિલકિલતું,
જાણે, પગલી કંકુથી પડતી.
હંસા ઝાલા "લાગણી" સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષય:-"વંશવેલો"★
★શિર્ષક;- "મંછા કુળદિપક તણી"★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૮૪★

લડાયા છે યુદ્ધો ઘણાં, વંશના નામ માટે
ઉભા છે મિનારા, આજે ઈતિહાસ માટે
ચડે છે લોકો પગથાર, મંદિર તણી તો
વંશવેલો વધે, મંછા કુળદિપક તણી તો
છે ઓળખ અહીંયા, કોના વંશજ તમે છો
ભૂંસાય લીટી ભલે, સદાકાળ વંશજ રહો છો
વધે વેલ જેવો, સૌ ઈચ્છે છે અહીં વંશવેલો
ને, લગ્નની પ્રથાનો રિવાજ, સૌએ સ્વીકારેલો
ઓળખાય છે કંઈ કુટુંબો, અહીં વંશવેલો થકી તો
ટકી છે જીવન પ્રથા, સદાકાળથી વંશવેલો થકી તો

★નરેન્દ્ર ત્રિવેદી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG S No:226**
વિષય:-વંશવેલો
રચના:- પદ્ય
શિર્ષક:- અંશ.   શબ્દો:-૭૪

એક દિ નભે ચમકશે તારા સમ મારો અંશ.
કરશે ઈચ્છા સઘળી પુરી  અંતે મારો અંશ.

તારા મિલન તણી નિશાની દુનિયામાં અંશ.
જાણે
આભાર - નિહારીકા રવિયા  તારું મારું પ્રતિબિંબ અવનિ પર અંશ.

આજે જે છે કરતો પાપા પગલી દોડશે અંશ.
જોત જોતામાં પ્રવેશે એ યૌવન દ્વારમાં અંશ.

ભણી ગણીને પગભર થશે એક દિન અંશ.
પાણિગ્રહણની શરમાઈ વાગશે તારી અંશ.

વૃધત્વનો થશે જ સહારો જરૂર અમોને અંશ.
ઈશ્વર કેરી પરમ કૃપાથી નિરખીશું તેનો અંશ.

સુભાષ ઉપાધ્યાય. 'મેહુલ.' અમેરિકા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153**
વિષય:" " વંશવેલો"     શીર્ષક:" પાંચ પેઢી નું વસિયતનામું"     પ્રકાર : ગદ્ય - શબ્દો:૨૪૭

અમે મોહનલાલ હાથીચંદ બત્તીવાલા તરીકે સમાજમાં ઓળખાઈએ.અમારું મુળ વતન પેથાપુર,ગાંધીનગર જીલ્લો. મોહનદાદા મુંબઈ સેટ થઈને ઈલેક્ટ્રીકની દુકાન ખોલી હતી.કાળ ક્રમે તેમને અમદાવાદ ગાંધીરોડ પર બ્રાન્ચ ખોલી હતી,જે અમદાવાદમાં સૌથી પહેલી ઈલેક્ટ્રીકની દુકાન હતી.તે વખતે મોટરગાડી તો હતી નહીં .મોહનદાદા બગી ગાડીમાં ઘરે જમવા આવતા.તેમને ગરમા-ગરમ રોટલી ખાવા જોઈએ.તે વખતે ગેસ નાં ચુલા તો હતા નહીં.તે આવે ત્યાં સુધી સગડી માં કોલસા નાંખતા રહેવુ પડે. બપોરે બે કલાક આરામ કરે ત્યાં સુધી બગીનું ભાડુ ચડે. મોહનદાદા નાની ઉંમરે સ્વર્ગે સિધાવ્યાં, તેથી તેમની પછીની પેઢી કાંઈ કરી શકી નહીં.
તેમના મોટા દિકરા રતિલાલની પત્ની  મારા દાદી સમુબા કોઈ એમ.બી.એ.ને શરમાવે તેવાં હતાં.તેમને ત્રણ દિકરાઓની વહુઓને કામ વહેંચી દીધાં હતાં.એકને કપડા ધોવાનું,બીજાને વાસણ ધોવાનું અને ત્રીજાને કચરાં-પોતાં કરવાનું. રસોડાનું સામ્રાજ્ય એકહથ્થુ તેમનાં હાથમાં.તેઓ વહુઓને કહેતા કે મારા દિકરાઓને તમારા હાથની રસોઈ નહીં ભાવે.દરેક જણ જેમ ઊઠે તેમ દરેકનાં ટેસ્ટ પ્રમાણે ચા બનાવી આપે.તેઓ માનતા કે સારી સવાર માટે દેવદર્શન જેટલીજ જરુરી છે ટેસ્ટ પ્રમાણેની ચા.
રતિલાલ દાદાનાં ચાર દિકરા.મારા પપ્પા સૌથી મોટા.તેઓ સેન્ટ્રલ બેન્ક માં જોબ કરતા હતાં.તેઓ રોજ સાંજે શાન્તિચંદ્ર સેવા સમાજ વતી પોળો માંથી જૂના કપડા અને બીજી વસ્તુઓ ઉઘરાવી જરુરિયાતમંદને પહોંચતા કરે.તેમનો બીજો રસ સાહિત્ય માં લેખન કાર્યનો.હું પણ બેન્કમાં હતો.તેમની આ બે'ય પ્રવૃતિ મેં ચાલુ રાખી છે.બેન્ક માંથી વી.આર.એસ. લઈ ને ઈન્વેસ્ટમેન્ટ કન્સલટન્ટ નું કામ કરું છું. મારી દિકરી પાયલ જમાઈ પારસકુમાર, દિકરો નિષાદ અને વહુ રાજશ્રી,પૌત્રો મૌનિલ,વંશીલ, પાર્શ્વને ધ્રુવ સૌ મઝાંમાં છે.

જીતેન્દ્ર શાહ"સુકાન્ત"(અમદાવાદ)

# સુરતમાં ભાઈબીજના દિવસે માંગરોળમાં છ વાહનો વચ્ચે ટક્કર થતાં અકસ્માતમાં  બે લોકોના મોત થયાં

સુરત,

આજે ભાઈબીજના તહેવાર પર રાજયમાં ત્રણ ગોઝારા અકસ્માત સર્જાયા છે. સુરતના માંગરોળના વાંકલ નજીક એકસાથે છ વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ૨ કાર અને ૪ બાઈક વચ્ચે ટક્કર થઈ હતી. અકસ્માતની ઘટનામાં ૨ લોકોના મોત નિપજ્યા હતા, જ્યારે પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. મળતી માહિતી અનુસાર, સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના વાંકલ-મોસાલી સ્ટેટ હાઈવે પર શનિવારે ઈનોવા કાર, ઈકો કાર અને ચાર બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

માંગરોળ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માતના પગલે ઘટના સ્થળે ટોળું એકઠું થઈ ગયું હતું. ટ્રાફિક જામ પણ થઈ ગયો હતો. બીજી તરફ આ બનાવની જાણ થતા પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીના દૂધની રોડ ઉપર કરચોન ગામ પાસે ટર્નિંગ ઉપર ખાનગી ટ્રાવેલ્સની એક બસની બ્રેક ફેઈલ થતા બાજુમા આવેલા ઝાડ સાથે બસ અથડાવી બસ રોકવાની પ્રયાસ કર્યો હતો. જેમાં બસમાં સવાર ૧૦થી વધુ યાત્રીઓ ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે બસમાં સવાર ક્લીનર ચાલુ બસે કૂદી જતા ટાયર નીચે આવતા ઘટના સ્થળ ઉપર કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી -અમદાવાદ હાઈવે પર કાર ચાલકે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યકિતનુ ઘટનાસ્થળે જ મોત નીપજયુ હતું. જ્યારે આ અકસ્માતની ઘટનામાં એક વ્યક્તિને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માતની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા બનાવના સ્થળે દોડી ગયા હતા. આ ઘટનાની જાણ થતા લીંબડી પોલીસે તાકીદે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને હોસ્પિટલ ખસેડવાની સાથે અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી વધુ તજવીજ હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ લીંબડી પોલીસ ચલાવી રહી છે.

# દિલ્હી-NCRમાં પ્રદૂષણના વધતા સ્તર પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી



નવી દિલ્હી

દિલ્હી-દ્રઝઈમાં પ્રદૂષણના વધતા સ્તર પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સોમવારે થયેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ છતાં દિલ્હીમાં ફટાકડા ફોડવા પર નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે કહ્યું કે ફટાકડા પરના પ્રતિબંધને ભાગ્યે જ લાગુ કરવામાં આવ્યો હતો તેમાં કોઈ વિવાદ ન હોઈ શકે. સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકાર અને દિલ્હી પોલીસ કમિશનરને એફિડેવિટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે એમિકસ દ્વારા ટાંકવામાં આવેલા રિપોર્ટથી સ્પષ્ટ થઈ ગયું છે કે આ વખતે પ્રદૂષણનું સ્તર અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે છે. અહેવાલો પણ સૂચવે છે કે પામની આગ વધુ સમયે વધી રહી છે. અમે દિલ્હી સરકારને પ્રદૂષણને પહોંચી વળવા માટે લેવામાં આવેલા પગલાઓ અંગે સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપીએ છીએ. આ સિવાય કોર્ટે કહ્યું કે અમે દિલ્હી પોલીસ કમિશનરને પણ નિર્દેશ આપીએ છીએ કે તેઓ પ્રતિબંધને લાગુ કરવા માટે ઉઠાવવામાં આવેલા પગલાં અંગે એફિડેવિટ દાખલ કરે. બંનેએ એ હાઈલાઈટ કરવું જોઈએ કે તેઓ કયા પગલાં લેવાનો પ્રસ્તાવ મૂકે છે જેથી આવતા વર્ષે આવું ફરી ન બને. આમાં જાહેર ઝુંબેશના પગલાંનો પણ સમાવેશ થવો જોઈએ.

# એસપીઈએસએ બીએસએફના કર્મચારીઓ માટે ટ્રેનર્સની સફળ તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું

ગાંધીનગર,

ગુજરાત, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આરઆરયુ)ની સ્કૂલ ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ (એસપીઈએસ) એ બળની અંદર શારીરિક તંદુરસ્તી સુધારવાના ઉદ્દેશ્ય સાથે સરહદ સુરક્ષા દળ (બીએસએફ)ના કર્મચારીઓ માટે ટ્રેનર્સની સતત બે તાલીમ કાર્યક્રમો સફળતાપૂર્વક હાથ ધર્યા છે. આ તાલીમનું આયોજન બે અલગ અલગ બેચમાં કરવામાં આવ્યું હતું, જેમાં દરેકમાં ૧૫ પ્રતિબદ્ધ બીએસએફ ટ્રેનર્સની તાલીમનું આયોજન કરાયું હતું, જેના પરિણામે બંને સત્રોમાં કુલ ૩૦ સહભાગીઓ હતા. ટ્રેનર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ બીએસએફના કર્મચારીઓને તેમની ટીમોમાં શારીરિક તંદુરસ્તી અને તેના નિર્ણાયક ઘટકોમાં સુધારો કરવા માટે જરૂરી કુશળતા અને જ્ઞાનથી સજ્જ કરવા માટે સખત રીતે ડિઝાઈન કરવામાં આવ્યો હતો.

આ પહેલ રાષ્ટ્રીય સુરક્ષા દળોના સ્વાસ્થ્ય અને પ્રદર્શનને વધારવા માટે આરઆરયુની પ્રતિબદ્ધતા સાથે સુસંગત છે. સત્રોમાં સૈદ્ધાંતિક જ્ઞાન અને વ્યવહારિક તાલીમનું મિશ્રણ દર્શાવવામાં આવ્યું હતું, જેનું નેતૃત્વ એસપીએસના અનુભવી ફેકલ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું. ઓપરેશનલ અસરકારકતામાં ફિટનેસની મહત્વપૂર્ણ ભૂમિકાને માન્યતા આપતા, આ પહેલનો હેતુ બીએસએફ ટ્રેનર્સને તેમની ટીમોમાં એકંદર આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે નવીનતમ પદ્ધતિઓ અને શ્રેષ્ઠ પદ્ધતિઓથી સજ્જ કરવાનો છે. સહભાગીઓ સૈદ્ધાંતિક અને વ્યવહારુ સત્રો બંને દર્શાવતા વ્યાપક અભ્યાસક્રમમાં રોકાયેલા હતા, જેમ કે આવશ્યક વિષયો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું પ્રદર્શનનું મનોવિજ્ઞાન: માનસિક સ્થિતિસ્થાપકતા અને પ્રેરણાને સમજવું.

ફિટનેસનું ફિઝિયોલોજી: શરીર શારીરિક તાલીમને કેવી રીતે પ્રતિક્રિયા આપે છે તેની સમજ. તાકાત તાલીમ: સ્નાયુબદ્ધ શક્તિને સુરક્ષિત અને અસરકારક રીતે બનાવવા માટેની તકનીકો. સહનશક્તિ વિકાસ: કાર્ડિયોવેસ્ક્યુલર ફિટનેસ સુધારવા માટેની વ્યૂહરચનાઓ. સુગમતા તાલીમ: ઈજા નિવારણ અને પુનઃપ્રાપ્તિ માટે સુગમતાનું મહત્વ. ઈજા નિવારણ: તાલીમ અને કામગીરી દરમિયાન જોખમો ઘટાડવા માટે શ્રેષ્ઠ પ્રયાસો. ટ્રેનર્સ હાથ પર પ્રવૃત્તિઓમાં રોકાયેલા હતા.



અમરેલી ખાતે રાજ્યના મૃદુ પણ મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ પધારતા તેમને આવકારતા પ્રદેશ ભાજપ ડીબેટ પ્રવક્તા શ્રી શૈલેષ પરમાર

# દારૂબંધી સામેની લડાઈમાં પોતાનું જીવન ન્યોછાવર કરનાર બહાદુર અધિકારીને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ પાઠવી શ્રદ્ધાંજલિ

રાજ્ય સરકાર અને ગુજરાત પોલીસ દુ:ખના આ સમયમાં સ્વ.જે.એમ.પઠાણના પરિવારની સાથે છે: ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી



દારૂબંધી સામેની લડાઈમાં પોતાનું જીવન ન્યોછાવર કરનાર બહાદુર અધિકારીને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ શ્રદ્ધાંજલિ પાઠવી છે. અવસાન પામનાર અધિકારીશ્રીના પરિવારજનોને સાંત્વના પાઠવતા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું છે કે, દુઃખના આ સમયમાં રાજ્ય સરકાર અને ગુજરાત પોલીસ તેમની સાથે છે.

સુરેન્દ્રનગર જિલ્લાના દશાડા-પાટડી માર્ગ ઉપર કઠાળા ગામ પાસે ગઈ કાલે મોડી રાત્રે સ્ટેટ મોનીટરીગ સેલની ત્રણ ટીમો દારૂ ભરેલી શંકાસ્પદ ગાડી પકડવા માટે વોચ પર હતી તે દરમિયાન સ્ટેટ મોનીટરીગ સેલના આશાસ્પદ અધિકારીઁ જીઁ શ્રી જે.એમ.પઠાણને એક ટ્રેલર ચાલકે અડફેટે લઈ લીધા હતા. આ માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ગવાયેલા શ્રી પઠાણને તાત્કાલિક એસ.એમ.સીની ટીમો સ્થાનિક આરોગ્ય કેન્દ્ર અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઇ જઇ રહ્યા હતા તે દરમિયાન તેમને જીવ ગુમાવ્યો હતો.

ગુજરાત પોલીસે એક બહાદુર કર્મનિષ્ઠ અધિકારી ગુમાવ્યા છે. આ અકસ્માતમાં દુ:ખદ અવસાન પામનાર શ્રી પઠાણના પરિવારમાં માતા- પિતા, પત્ની અને ૧૪ વર્ષીય દીકરી તથા ૭ વર્ષીય દીકરો એમ બે નાના સંતાનો છે. અવસાન પામેલા અધિકારીના પરિવારજનો પ્રત્યે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ સંવેદના વ્યક્ત કરી સાંત્વના પાઠવી છે.



ફરિયાદી પાસેથી કામ અર્થે રૂપિયા 6,000 ની લાજ લેતા નિવૃત્ત હોમગાર્ડ કમાન્ડિંગ ઓફિસર ACB ના સકાંજમાં.. માનાભાઈ મોતીભાઈ ડામોર નિવૃત્ત હોમગાર્ડ કમાન્ડિંગ ઓફિસર ડીટવાસ જેઇઓ રંગે હાથે લાંચ લેતાં ઝડપાયાં.. હોદ્દા ઉપર થી નિવૃત થયેલ હોવા છતાં મનસ્વીપણે હોમગાર્ડ ની નોકરીની વેચાણી કરી નજીક નાં પોઇન્ટ માટે માંગી હતી લાંચ.. ફરિયાદી પૈસા ન આપવા માંગતા હોય લાંચના છટકા ગોઠવતા આરોપી પાસેથી રૃપિયા 6,000 ની લાંચ લેતાં રંગે હાથે ઝડપાયાં...

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મહેસાણા જિલ્લાના ગુંછળી રામેશ્વર મહાદેવ મંદિર ખાતે મહારુદ્રી યજ્ઞ અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પ્રેરક ઉપસ્થિતિ

મહેસાણા,

મુખ્યમંત્રીશ્રીએ મંદિરના ગર્ભ ગૃહમાં પૂજન અર્ચન કરી જનસુખાકારીની પ્રાર્થના કરી મંદિર પરિસરમાં આવેલા ધન્વંતરિ ઔષધિવન, બીલીવન અને નક્ષત્ર વનની મુલાકાત લીધી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ગુંછળી રામેશ્વર મહાદેવ મંદિર ખાતે મહારુદ્રી યજ્ઞ અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં શ્રધ્ધાપૂર્વક જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસરમાં લગભગ ૨૫૦ કિલો વજનના અલૌકિક ઘંટનું અનાવરણ કર્યુ હતું અને ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ મંદિરના ગર્ભ ગૃહમાં પૂજન અર્ચન કરી જનસુખાકારીની પ્રાર્થના કરી હતી, તેમણે મંદિર પરિસરમાં ધન્વંતરી ઔષધિવન, બીલીવન અને નક્ષત્ર વનની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ નૂતન વર્ષની શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે આ દિવાળી અને નવા વર્ષે આપણે ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા છીએ. ૫૦૦ વર્ષ પછી અયોધ્યામાં ભગવાન શ્રીરામ મંદિરમાં બિરાજમાન થયા હોય તે પછીની આ પ્રથમ દિવાળીના આપણે સૌ સાક્ષી બન્યા છીએ. અહીંયા ગુંછળી ખાતે પણ રામેશ્વર મહાદેવ મંદિર ૩૦૦ વર્ષ જૂનું છે જેનું પુનઃ નિર્માણ કરી આજે પ્રાણ પ્રતિષ્ઠા થઈ રહી છે. આપણી વિરાસત અને સંસ્કૃતિને જાળવીને વિકાસ કરવાના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આપણે સૌ આગળ વધી રહ્યા છીએ. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે,

વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પને સાર્થક કરવા ગુજરાત અગ્રેસર રહે તે માટે આપણે સૌએ સહિયારો પ્રયાસ કરવો પડશે. વધુમાં તેમણે ઉમેર્યું કે અહીંયા નક્ષત્ર વન ઔષધિવન અને બીલીવનનું નિર્માણ કરવામાં આવ્યું છે તેનો લાભ અહી આવનાર દરેકને મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી રામેશ્વર મહાદેવની દ્રષ્ટિ સન્મુખ પરિસરમાં પૂર્વ દિશામાં નક્ષત્ર વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. નક્ષત્રવન એસ્ટ્રોથીમ એટલે કે જ્યોતિષશાસ્ત્ર આધારિત બગીચો છે. જેમાં રાશિ ચક્ર સાથે જોડાયેલા છોડ અને વૃક્ષો આવેલા હોય છે.

આ નક્ષત્ર વનમાં નક્ષત્રોની સંખ્યા મુજબ કુલ ૨૭ નક્ષત્ર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બીલીવૃક્ષોથી આચ્છાદિત બીલીવનનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. તેમજ મંદિર પરિસરમાં ધન્વંતરી ઔષધીવનનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઔષધી વનમાં દુર્લભ તેમજ પ્રચલિત ૧૦૮ જેટલી ઔષધીઓનો ઉછેર કરવામાં આવ્યો છે. જે દરેક છોડનું ટેગિંગ કરવામાં આવશે. જેમાં દર્શાવેલ ક્યુઆરકોડ સ્કેન કરવાથી તે ઔષધીય વનસ્પતિનો પરિચય અને સ્વાસ્થ્ય માટે તેનો ઉપયોગ સહેલાઈથી જાણી શકાશે.



શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ(ધંધુકા ક્ષેત્ર) દ્વારા નૂતન વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ ભાઈબીજ ના રોજ યોજવામાં આવેલ હતો.જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓ નું સન્માન,નિવૃત્ત થતા જ્ઞાતિજનો નું સન્માન,૭૦ વર્ષ પૂર્ણ કરેલ વડીલો નું સન્માન તેમજ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત જ્ઞાતિજનો નું સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે નૂતન વર્ષ ના પંચાંગ નું વિમોચન તથા વિતરણ પણ કરવા મા આવેલ હતું.

# વડોદરામાં એક કાર ચાલક નશામાં કાર ચલાવતો હોવાનાં કારણે લોકોના જીવ જોખમમાં મુક્યા

વડોદરા,

સમગ્ર ઘટના અંગે પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરવામાં આવતા પીસીઆર વાન આવી પહોંચી હતી વડોદરામાં ગઈ કાલે સુભાનપુરા વિસ્તારમાં પૂર ઝડપે જઈ રહેલી કાર પલ્ટી ખાઈ ગઈ હતી. બાદમાં ઘટનાસ્થળે લોકોનું મોટુ ટોળુ એકઠું થઊ ગયું હતું જેમાં તેમને કારમાં બેઠેલા યુવકો સાથે બોલાચાલી થઈ હતી. સુભાનપુરા વિસ્તારમાં આવેલા ડોમિનોઝ પિત્ઝા સામે અકસ્માતનો આ બનાવ બન્યો હતો. કારમાં સવાર યુવકો નશાની હાલતમાં હોવાની વાત સામે આવી છે. તો બીજી તરફ કારમાંથી દારૂની બે બોટલ પણ મળી આવી હતી. સમગ્ર ઘટના અંગે પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરવામાં આવતા પીસીઆર વાન આવી પહોંચી હતી. આ ઘટનામાં પોલીસે કાર માલિક સહિત ચાર લોકોની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે, જો કાર પલટી ન હોત તો ચોક્કસ તથ્ય વાળી થાત!આકાશ ઈશ્વરભાઈ વસાવા પોલીસ તપાસ દરમિયાન ગાડીમાંથી દારૂની ૧ બોટલ મળી આવી હોવાથી ગાડી માલિક આકાશ વસાવા વિરુદ્ધમાં દારૂની સેવના અને મુદ્દામાલ રાખ્યા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સાથે જ ગાડી ચાલક અને માલિક સિવાયના કારમાં સવાર બે યુવક વિરુદ્ધમાં દારૂનું સેવન કરેલ હોવાથી તેમના વિરુદ્ધમાં પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.ગોરવા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ગતરાત્રે કંટ્રોલરૂમ તરફથી વર્ધિ મળી કે ડોમિનોઝ પિત્ઝાની સામે એક કાર પલટી ખાઇ ગઇ છે. તે બાદ નાઈટ રાઉન્ડમાં પેટ્રોલિંગમાં તૈનાત પોલીસ સ્થળ પર પહોંચી હતી. તે સમયે કાર પલટી ખાઇ ગઇ હતી અને કારમાં સવાર યુવકો અને કેટલાક લોકો વચ્ચે ખેંચા-ખેંચી થઇ રહી હતી. બાદમાં કારચાલક સહિતનાને પોલીસ



છોડાવીને ગોરવા પોલીસ મથક લઈ ગઈ હતી.પોલીસ સ્ટેશનમાં તેઓનું નામ પૂછતા રાહુલ રાકેશભાઇ કુશ્વાહા અને રોહન રાકેશાઇ કુશ્વાહા હોવાનું જણાવ્યું હતું. તેણે તોતડાતી જીભે કહ્યું કે, તે પોતે આકાશ ઈશ્વરભાઈ વસાવા, ફાલ્ગુન સતિષભાઈ રાઠોડ અને રોહન ઈનઓર્બિટ મોલ પાસેથી નાસ્તો લઇને રેસકોર્ષ જવા માટે નીકળ્યા હતા. તેવામાં રસ્તામાં ગાડી રોકીને આકાશે ઈંગ્લીશ દારૂની બોટલ કાઢી હતી, જેમાંથી બે યુવકે દારૂ પીધો હતો અને આકાશે પીધો ન હતો. ત્યાર બાદ ફાલ્ગુન રાઠોડને રેસકોર્ષ છોડવા જતા કાર પૂર ઝડપો હંકારવામાં આવી હતી. જેમાં સ્ટીયરીંગ પરનો કાબુ ન રહેતા ગાડી ડિવાઈડર જોડે અથડાઈને બાદમાં ડિવાઈડર પર રહેલા ઝાડ સાથે ટકરાઈને કાર સામેના રસ્તા પર પહોંચી ગઈ હતી. જે બાદ રોહનને લોકો જોડે બોલાચાલી થઈ હતી અને તેને પકડી લીધો હતો. અન્ય બે મિત્રો ગભરાઈને જતા રહ્યા હતા.

# દિવાળીના ત્રણ જ દિવસમાં આગ લાગવાથી દાજીજવાનાં ૧૫ હજારથી વધુ ઇમરજન્સી કેસ નોંધાયા

ગાંધીનગર,

દિવાળીના ત્રણ દિવસમાં રાજ્યમાં કુલ ૧૫,૧૭૯ ઈમરજન્સી કેસ નોંધાયા છે. જેમાં રોજના સરેરાશ ૫,૦૬૦ કેસ નોંધાયા હતા. જેમાં સામાન્ય દિવસની સરખામણીએ સરેરાશ ૪૫૦૪ની સરખામણીએ ૧૨.૩૪ ટકાનો વધારો નોંધાયો હતો. ગુજરાતીઓએ ફટાકડા ફોડીને દિવાળીની ઉજવણી કરી હતી. આના કારણે રાજ્યના વિવિધ ભાગોમાં આગની ઘટનાઓ, શારીરિક ઈજાઓ અને માર્ગ અકસ્માતો સહિત અનેક ઘટનાઓ બની હતી. દિવાળીના ત્રણ દિવસમાં રાજ્યમાં કુલ ૧૫,૧૭૯ ઈમરજન્સી કેસ નોંધાયા છે.

જેમાં રોજના સરેરાશ ૫,૦૬૦ કેસ નોંધાયા હતા. જેમાં સામાન્ય દિવસની સરખામણીએ સરેરાશ ૪૫૦૪ની સરખામણીએ ૧૨.૩૪ ટકાનો વધારો નોંધાયો હતો. દિવાળીથી નવા વર્ષના દિવસ સુધીના છેલ્લા ૩ દિવસમાં રાજ્યમાં આગ સંબંધિત ૧૦૨ ઈમરજન્સી કેસ નોંધાયા હતા. રોજ ૩૮ આગ સંબંધિત કટોકટી, ૧ નવેમ્બરના રોજ ૪૦ અને ૨ નવેમ્બરના રોજ ૨૪ કેસ નોંધાયા હતા. જ્યારે અમદાવાદમાં ૨૮, રાજકોટમાં ૮, સુરતમાં ૨૫ અને ભરૂચમાં ૭ ફાયર ઈમરજન્સી કેસ નોંધાયા હતા. રાજ્યના મોટાભાગના શહેરોમાં સરેરાશ ૧૦ થી વધુ કેસ નોંધાયા છે.

છેલ્લા ત્રણ દિવસમાં માર્ગ અકસ્માતના કુલ ૨,૮૨૯ કેસ નોંધાયા છે. દિવાળી ના રોજ૯૨૧, ૧ નવેમ્બરના રોજ ૮૨૭ અને નવા વર્ષના દિવસે ૧,૦૮૧ કેસ નોંધાયા હતા. દૈનિક સરેરાશ ૯૪૩ કેસ હતા. આ ૪૮૧ કેસોની સામાન્ય સરેરાશથી ૯૬.૦૫% નો વધારો



દર્શાવિ છે. અમદાવાદમાં ઈમરજન્સી કેસોમાં એકંદરે ૨.૫૨% નો ઘટાડો જોવા મળ્યો હતો. નોંધનીય છે કે ગુજરાતમાં દિવાળીના દિવસે આગની અનેક ઘટનાઓ બની હતી. જેમાં મોડી રાત સુધી ફાયર બ્રિગેડને કોલ આવતા રહ્યા હતા. દિવાળીના દિવસે આગની ઘટનામાં દુકાનો, બિલ્ડીંગ, શોર્ટ સર્કિટ, શાળા, ગોદામ, ભંગાર, વાહનો વગેરે આગની લપેટમાં આવી ગયા હતા. આગની ઘટનાઓમાં મોટું નુકસાન થયું છે.

## ગમખ્વાર અકસ્માતઃ ગોધરા-દાહોદ હાઈવે પર કાર-બાઈક વચ્ચે ટક્કર, દીકરીને મળવા જતા માતા-પુત્રના મોત

પંચમહાલમાં ગોધરા-દાહોદ હાઈવે પર કાર અને બાઈક વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર પસનાલ ગામના વણઝારા સમાજના માતા-પુત્રનું મૃત્યુ નીપજયું હતું. પીપલોદ ખાતે દીકરીના ખબર અંતર પૂછવા જઈ રહેલા માતા-પુત્રનું એકસાથે મોત થતાં પરિવાર સહિત વણઝારા સમાજમાં ઘેરા શોકની લાગણી છવાઈ હતી. આ ઘટનાની જાણ થતા જ પોલીસ દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી અનુસાર, પસનાલ ગામના વણઝારા સમાજના માતા-પુત્ર બાઈક પર પીપલોદ જઈ રહ્યા હતા. આ દરમિયાન ગોધરા-દાહોદ હાઈવે પર કાર ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં માતા-પુત્રને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે પીપલોદ સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં રિફર કરાતા સારવાર દરમિયાન બંનેનું મૃત્યુ નીપજયું હતું. આ સમગ્ર મામલે પોલીસે બાઈકને અડફેટે લેનાર કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બે રેવન્યુ તલાટી અને એક કારકૂનને સરકારી સેવામાંથી કલેક્ટરે નોકરીમાંથી કાઢી મૂક્યા

વડોદરા જિલ્લા મહેસુલી તંત્ર ફરજ ઉપર સતત ગેરહાજર રહી ગેરશિસ્ત આચરનારા કર્મચારીઓ સામે સપાટો બોલાવવામાં આવ્યો છે. આવા ત્રણ કર્મચારીઓને ઘરે બેસાડી દેવામાં આવ્યા છે. આ ત્રણને ફરજ ઉપરથી બરતરફ કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા અપ્રમાણિક અધિકારીઓ સામે ફરજિયાત નિવૃત્તિનો કોરડો વિંઝવામાં આવી રહ્યો છે. છેલ્લા એક જ અરસામાં અનેક અધિકારીઓને તેમની સામે ફરિયાદોને ધ્યાને લઇ બરતરફ અથવા ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. હવે આવી કાર્યવાહી વડોદરામાં કલેક્ટર બિજલ શાહ અને નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. શાહ દ્વારા હાથ ધરવામાં આવી છે. સરકારી ફરજ ઉપર સતત ગેરહાજર



રહેનારા ત્રણ કર્મચારીને ઘરે બેસાડી દેવામાં આવ્યા છે. જેમાં કરજણ મામલતદાર કચેરીના કારકૂન હિરેન કોડિયાતર અને ડેસર મામલતદાર કચેરીના મહેસુલી તલાટી વિજય મહેરિયા લાંબા સમયથી ફરજ ઉપર ગેરહાજર રહેતા હતા. આ બાબતને ધ્યાને રાખીને બન્ને સામે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ રિપોર્ટના આધારે બન્ને કર્મચારીઓને બરતરફ કરવામાં આવ્યા છે. એ જ પ્રકારે ભાવિકા પરમાર નામના મહેસુલી તલાટી છેલ્લા બે વર્ષથી સતત ગેરહાજર રહ્યા હતા. તેમને નોટિસો આપવા છતાં તેનો જવાબ કરવાની તસ્દી સુદ્ધા લીધી નહોતી.

## અમદાવાદમાં ખાડિયાની આંગડિયાનો કર્મચારી ૬૦ લાખના સોનાના પાર્સલ લઈ ફરાર થયો

અમદાવાદ,

ખાડિયામાં આવેલી આંગડિયા પેઢીમાં નોકરી કરતો કર્મચારી જ્વેલર્સના ત્યાંથી રૃા. ૫૯.૭૭ લાખના સોનાના પાર્સલ લઈને નાસી ગયો હતો જે પાંચ પાર્સલ મુંબઈ મોકલવાના હતા ઓફિસના બીજા કર્મચોરીએ વાહનની જરુર હોવાનું કહીને કહીને આરોપીને ફોન કરતાં તેણે આવું છું કહીને મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો હતો આરોપી કંપનીનું વાહન પણ લઈ જતો રહ્યો હતો. આ બનાવ અંગે ખાડિયા પોલીસે તેની સામે વિશ્વાસઘાત સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુરતના વતની અને ખાડિયામાં આંગડિયા પેઢી ધરાવતા વૃદ્ધે ખાડિયા પોલીસ સ્ટેશનમાં અમરાઈવાડીમાં રહેતા કર્મચારી સામે ફરિયાદ નોંધાવી છે તે તેમની આંગડિયા પેઢીમાં પાર્લરની ડિલીવરી કરવાનું કામકાજ કરતો હતો. ગત તા.૨૮-૦૮-૨૪ના રોજ આરોપી કંપનીનું વાહન અને કંપનીનો મોબાઈલ લઈને કુબેનગર ખાતે જ્વેલર્સના ત્યાં સોનાનું પાર્સલ આપવા ગયા હતો અને ત્યાંથી સોનાના પાર્સલ લઈને નીકળ્યો હતો જેમાં એક પાર્સલ તેણે માણેકચોક ખાતે આપ્યું હતું જ્યારે રૃા. ૫૯,૭૭,૦૩૯ના પાંચ પાર્સલ લઈને નાસી ગયો હતો. ઓફિસના કર્મચારીએ વાહનની જરુર હોવાની વાત કરતો આરોપીએ થોડીવારમાં આવું કહ્યું હતું જો કે આરોપી આજદિન સુધી પરત આવ્યો ન હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.